# શિક્ષકદિન ઉજવણીનો અહેવાલ

તા.06/09/2021

શિક્ષક વર્ગમાં જ નહીં તો સમજવું
સામે બેઠેલાના જીવનમાં દુષ્કાળ જ ચાલે છે

તા.06/09/2021 ના રોજ 'સરકારી વિનયન કોલેજ, કપરાડા' ખાતે જ્ઞાનધારા અંતર્ગત 'શિક્ષકદિનની' ઉજવણી કરવામાં આવી હતી. તેનું આયોજન નીચે પ્રમાણે થયું.

ડ્રીમ ટીચર્સ રાઈટીંગ, વ્યાખ્યાન, સ્વરચિત કવિતા વાંચન/ગાયન અને ફન ગેમ્સયોજી જ્ઞાનધારા અંતર્ગત શિક્ષકદિનની ઉજવણીનો કાર્યક્રમ 8:30થી શરૂ કર્યો. જેમાં વિદ્યાર્થીઓએ 'ડ્રીમ ટિચર્સ રાઈટિંગમાં' ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તે અંતર્ગત 'મારા સ્વપ્નના શિક્ષક' વિષય અંતર્ગત લખાણ માટે 1 કલાકનો સમય આપવામાં આવ્યો હતો. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા.

10:30 કલાકે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના કે શ્લોક થી કરી. બાદ અમારી કોલેજના આચાર્ય સાહેબશ્રી, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ જેમણે વ્યાખ્યાનમાં ભાગ લીધો હતો એવા વિદ્યાર્થીઓએ ત્રણ ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ સ્વરચિત કવિતા વાંચન/ગાયન કાર્યક્રમમાં પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સંપૂર્ણ કાર્યક્રમની આભારવિધી પન્નાબેન નિકુળિયા દ્વારા કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીયગીત બોલી મંચીય કાર્યક્રમ પૂર્ણ થયો.

11:30 કલાકે 'ફન ગેમ્સ' કાર્યક્રમની શરૂઆત કરી. તેમાં ફુગ્ગા ફુલવવા, પારલેજી બીસ્કીટ ખાવી સંગીત ખુરશી વગેરે ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું. એમાં અમારી કોલેજનાં Bl uet oot h Speakes Song ચાલુ કરી ફન ગેમ્સની શરૂઆત થઈ. દરેક વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. ફન ગેમ્સનો સમય 1 મિનિટનો હતો. તેમાં ફુગ્ગા ફુલવવાનો, ખાવાનો સમય 1 મિનિટનો હતો. આ કાર્યક્રમ 1:00કલાકે પૂર્ણ કરવામાં આવ્યો.

આમ 'સરકારી વિનયન કોલેજ, કપરાડા' ખાતે ઉત્સાહભેર 'શિક્ષક દિનની' ઉજવણી કરવામાં આવી.

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 128
તારીખ. 7-9-2021

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.